# જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી

જિલ્લા સેવા સદન,જૂની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ,નાનપુરા,સુરત -૩૯૫૦૦૧

ફોન:૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail: d.dirsurat@gmail.com

નં.જિનાની/વિ.જા./પરિપત્ર/૨૦૨૪-૨૫/૩૦૯૮ તારીખ: ૦૫/૦૭/૨૦૨૪

પ્રતિ,

આચાર્ય શ્રી

પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા તમામ

(ફક્ત સરકારી અને ગ્રાન્ટ ઇન એડ)

જિલ્લો-સુરત

વિષય:-વર્ષ:૨૦૨૪-૨૫ની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાની કામગીરીનું આયોજન કરવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરી હસ્તકની (૧)પ્રિ-મેટ્રીક ધોરણ ૧થી ૮ શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજના અને (૨)ભારત સરકારની **PM YASASVI Pre Metric Scholarship (Std.9 to 10)** અને **(3)Post Matric (11-12)** યોજનાનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ અંતર્ગત સુરત જિલ્લાની પ્રિ-મેટ્રીક ધોરણ ૧થી ૮ શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજના અને ભારત સરકારની **PM YASASVI Pre Metric Scholarship (Std.9 to 10)** અને **Post Matric(11-12)** યોજના જુલાઇ-૨૦૨૪ના અંતમાં શરૂ થવાની હોય પોર્ટલ શરૂ થયા બાદ વિગતવાર પરિપત્ર કરવામાં આવશે.વર્ષ ૨૦૨૪-૨૫માં Digital Gujarat Portal પર વિદ્યાર્થીઓની Entry કરતી વખતે નવા જરૂરી મુદ્દાઓ નીચે મુજબ છે.જેની ખાસ નોંધ લેવી.

- પ્રિ-મેટ્રીક ધોરણ ૧થી ૮ માટે વિદ્યાર્થીઓના આધારકાર્ડની(અપડેટ સાથે) માહિતી તથા રાશનકાર્ડની (મેમ્બર નંબર સાથે) માહિતી ભરવી ફરજીયાત છે.જેથી શાળાના આચાર્યશ્રીઓએ તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડ અને રાશનકાર્ડ મેળવી લેવાના રહેશે.
- Post Matric ધોરણ ૧૧-૧૨ અને Pre Metric ધોરણ ૯-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાશન કાર્ડ અને આધાર કાર્ડ સાથે Aadhar Seeding અને DBT Option ચાલુ કરાવી લેવુ કે જેથી ચુકવણી ઝડપથી થઇ શકે. Utility-Aadhar Seeding પર વિદ્યાર્થીના આધારકાર્ડ નંબર નાખી ચકાસી શકાય.
- Pre Metric ધોરણ૭૦ ૯-૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે વાલીનો આવકનો દાખલો તેમજ વિદ્યાર્થીનો જાતિનો દાખલો/બોનાફાઇડ અપલોડ કરવા ફરજીયાત હોવાથી શાળાના આચાર્યશ્રીઓએ વિદ્યાર્થીના આધારકાર્ડ, રાશનકાર્ડ, પિતાનો આવકનો દાખલો, વિદ્યાર્થીનો જાતિનો દાખલો/બોનાફાઇડ મેળવી લેવાના રહેશે.
- Post Matric ધોરણ ૧૧-૧૨મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીનો જાતિનો દાખલો, પિતાનો આવકનો દાખલો, વિદ્યાર્થીનું આધારકાર્ડ, રાશનકાર્ડ, વિદ્યાર્થીની Bank Passbook,(વિદ્યાર્થીનુ ચાલુ બેંક એકાન્ટ આધાર

લીંક સાથેનું) ફી પહોંચ, છેલ્લે પાસ કરેલ વર્ષની માર્કશીટ, જો અભ્યાસ મા Break હોય તો સોગંદનામું અપલોડ કરવું.( Post Matric ધોરણ ૧૧-૧૨માં વિદ્યાર્થીએ જાતે ફોર્મ ભરવાનું રહેશે Digital Gujarat પર)

- વિદ્યાર્થીના ફોર્મ ભરવાની જરૂરીયાત મુજબનાં પૂરા Documents શાળા પાસે રેકર્ડ પર હોય ત્યાર પછીજ વિદ્યાર્થીની ENTRY કરવી. તમામ વિદ્યાર્થીની જરૂરી વિગતો વિદ્યાર્થી કે વાલીશ્રીનો સંપર્ક કરી મેળવવાની રહેશે. અધુરી વિગતવાળા વિદ્યાર્થીની એન્ટ્રી ડીઝિટલ પોર્ટલ પર કરવી નહી.

- વધુમાં આપની શાળામાં અભ્યાસ કરતા બાળકો પૈકી પાત્રતા ધરાવતા એકપણ વિદ્યાર્થી શિષ્યવૃતિ વંચિત ન રહે અને સમયમર્યાદામાં લાભ મળી રહે તેવા ઘનિષ્ઠ પ્રયત્નો કરવાના રહેશે જે અંગેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

| શાસનાધિકારી | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | જિલ્લા શિક્ષણાધિકારી | જિલ્લા નાયબ નિયામક |
|---|---|---|---|
| સુરત | સુરત | સુરત | વિકસતિ જાતિ સુરત |

સવિનય નકલ રવાના:

- માન. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણખાતુ, ગાંધીનગર.